નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 26/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 26/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આજે જ પધારો...

ઠંડીમાં ગરમી લઈ જાઓ!

જ્યાં ક્વોલિટી અને ભાવ બંને મળે !

જેન્ટ્સ • લેડીઝ • કિડ્સ

બધું એક જ છત નીચે... અને ઈમ્પોર્ટેડ માલ પણ તમારા બજેટમાં!



જેન્ટ્સ જેકેટ

સ્ટાઈલિશ અને ગરમ



લેડીઝ જેકેટ & જર્સી

ફેશનેબલ અને કમ્ફર્ટેબલ



ટોપા • મફલર હાથ મોજા

ઠંડીને કહો બાય-બાય



બાળકો માટે યુ-યુ

નાના રાજકુમાર-રાજકુમારી માટે સ્પેશિયલ કલેકશન



આજે જ આવો...

સ્ટોક મર્યાદિત છે !



રાજેશ્વરી કટપીસ સેન્ટર

સ્થળ : ટાવર નીચે, નદી બજાર, સાવરકુંડલા | Mo. 72650 52087

તારીખ : 26/11/2026

સાવરકુંડલાના મેવાસા ગામની મધ્યમાં સિંહોએ કર્યું ગાયનું મારણ, ગ્રામજનોમાં ભયનો માહોલ



અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મેવાસા ગામમાં મોડી રાત્રે સિંહોએ ગામમાં પ્રવેશ કરી એક ગાયનું મારણ કર્યું હતું. ગામની માનવ વસાહતની નજીક જ સિંહો આવી પહોંચતાં ગ્રામજનોમાં ચિંતા અને ભયનો માહોલ જોવા મળ્યો હતો.મોડી રાત્રે સિંહોની ગામની અંદર સુધી થયેલી અવરજવરથી પશુપાલકોમાં પોતાના પશુધનની સુરક્ષાને લઈને ચિંતા પ્રસરી છે. માનવ વસાહતની નજીક સિંહો દ્વારા મારણ કરવામાં આવતાં ગ્રામજનોમાં રાત્રિના સમયે બહાર નીકળવા અંગે પણ સાવચેતી જોવા મળી રહી છે.આ ઘટનાને પગલે વન વિભાગ દ્વારા સિંહોની અવરજવર પર સતત દેખરેખ રાખવામાં આવે તેમજ ગ્રામજનોને જરૂરી સુરક્ષા માર્ગદર્શન અને તકેદારી અંગે જાણકારી આપવામાં આવે તેવી લોક માંગણી કરવામાં આવી છે.

KD NEWS
SAVARKUNDLA

તમારા વિસ્તારના સમાચાર
હવે KD News સુધી પહોંચાડો!

તમારા આસપાસ બનતી કોઈ **મહત્વપૂર્ણ ઘટના** હોય,
સામાજિક કે ધાર્મિક **કાર્યક્રમ** હોય, **સેવાકીય પ્રવૃત્તિ** હોય,
જાહેર સમસ્યા હોય કે કોઈ **વિશેષ સિદ્ધિ**ની વાત હોય...









ફોટો | વીડિયો | જરૂરી માહિતી

સાથે અમને મોકલો.

તમારો અવાજ બનશે KD News!

તમારા વિસ્તારની દરેક નાની-મોટી ખબર
લોકો સુધી પહોંચાડવા માટે આજે જ અમારો સંપર્ક કરો.

WhatsApp કરો
9499797973



KD News – તમારા વિસ્તારનો વિશ્વાસુ સમાચાર સાથી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 26/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

હા...હા... ઈનામો સોનિકમાં ભાગ લીધેલ ગ્રાહકમિત્રો માટે જ આવશે...હા...હા...હા...

ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭





















T & C APPLY*

ફુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો ?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

ડે.ડી NEWS

તારીખ : 26/11/2026

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરના શિખરની સીધી રેખામાં પૂર્ણ ચંદ્રના દિવ્ય દર્શન કરી શ્રદ્ધાળુઓ થયા ભાવવિભોર



પ્રભાસ પાટણ સ્થિત પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના પાવન ધામમાં કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રિએ અદભુત આધ્યાત્મિક અને ખગોળીય સંયોગ જોવા મળ્યો હતો. રાત્રિના બરાબર 12 વાગ્યાના સમયે પૂર્ણ ચંદ્રદેવ મંદિરના શિખરની સીધી રેખામાં આવી પહોંચતાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આકાશમાંથી વરસતા ચંદ્રના શીતળ કિરણો જાણે સોમનાથ મહાદેવના જ્યોતિર્લિંગ પર અમૃતાભિષેક કરી રહ્યા હોય તેવો મનમોહક અને અલૌકિક નજારો સર્જાયો હતો.આ અદ્વિતીય ક્ષણને નજરે નિહાળવા મંદિર પરિસર સહિત આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. ચંદ્રદેવ અને સોમનાથ મહાદેવના આ દિવ્ય સંયોગના દર્શન કરી ભક્તોએ ધન્યતાની અનુભૂતિ કરી હતી.આ પાવન અવસરે મધ્યરાત્રિના 12 વાગ્યે શ્રી સોમનાથ મહાદેવની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રોચ્ચાર, શંખનાદ અને ઘંટારવના પવિત્ર નાદ વચ્ચે યોજાયેલી મહાઆરતીથી સમગ્ર મંદિર પરિસર શિવમય બની ગયું હતું.

ભક્તોએ ભક્તિભાવપૂર્વક આરતીના દર્શન કરી ભગવાન સોમનાથના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.કાર્તિકી પૂર્ણિમાની આ રાત્રિએ શ્રદ્ધા, ભક્તિ અને પ્રકૃતિના અદભુત મિલનનો અનોખો અનુભવ કરાવ્યો હતો. 'જય સોમનાથ'ના ગગનભેદી નાદ સાથે સમગ્ર પ્રભાસધામ શિવભક્તિમાં તરબોળ બન્યું હતું.

તારીખ : 26/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





Organised by:
HEADWAY
BUSINESS SOLUTIONS LLP
Solution@100%

www.headway.guru
908 1 24 1 916

"SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV"®
SUVARNA SAUBHAGYA UTSAV











અરે... વાહ...

૯,૯૯૯ સુધી

કરોડોની કિંમતના ઈનામો!

હા, સાચું વાંચ્યું.

તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના
ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 26/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

અશ્રુભરી શ્રદ્ધાંજલી



સ્વ. મેહુલભાઇ દિલુભાઇ વાળા

(ઉં.વ.૩૫) સ્વ.તા. ૨૦/૧૧/૨૦૨૬ એસ.ટી. ડ્રાઇવર

રડી પડે છે આંખો તમારી તસ્વીર જોઈને,
નાની ઉંમરે તમારી અણધારી વિદાય સર્વેના કાળજા કંપાવી ગઈ,
મન હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.
પ્રભુ તામારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

* વિમલભાઈ નથવાણી (ડેપો મેનેજર)
* પુનિતભાઈ જોશી (ટ્રાફિક ઈન્સ્પેકટર)
* પ્રકાશગીરી ગોસાઈ મુનાબાપુ (વોચમેન)
* રફિકભાઈ સૈયદ (વોચમેન)
* અશોકભાઈ બોરીચા (ડ્રાઇવર)
* મુકેશગીરી ગોસ્વામી (કંડક્ટર)
* વિજયપરી ગોસાઈ (ડ્રાઇવર)
* ભાવેશભાઈ જોષી (ડ્રાઇવર)
* અનસૂયાબેન નિમાવત (કંડક્ટર)
* અમિતગીરી ગોસ્વામી (પત્રકાર)

તથા સમગ્ર એસ.ટી. પરિવાર - સાવરકુંડલા

તારીખ : 26/11/2026

સાવરકુંડલામાં ગેસ સિલિન્ડરની અપૂરતી સપ્લાય અંગે ધારાસભ્ય મહેશ કસવાલાની કલેકટર અને IOC અધિકારીઓને તાત્કાલિક રજૂઆત



એક વર્ષથી ગેસ સપ્લાયની સમસ્યાથી લોકો પરેશાન, નિયમિત અને પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવા માંગ : શ્રી કસવાલા

સાવરકુંડલા શહેરમાં ગેસ સિલિન્ડરના અપૂરતા અને અનિયમિત પુરવઠાને લઈને ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા જિલ્લા કલેકટર તથા I O C (ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન)ના સંબંધિત અધિકારીઓને તાત્કાલિક ધ્યાન દોરવામાં આવ્યું છે.સાવરકુંડલામાં છેલ્લા એક વર્ષથી ગેસ સિલિન્ડરના પુરવઠા અંગે વારંવાર સમસ્યાઓ ઊભી થઈ રહી છે. સવારના વહેલા સમયે પણ નાગરિકો ગેસ સિલિન્ડરની અછત અને વિતરણની મુશ્કેલીઓ અંગે ફોન કરીને પોતાની ફરિયાદો અને વ્યથા રજૂ કરી રહ્યા છે. સામાન્ય નાગરિકોને રોજિંદી જીવનની આવશ્યકતા એવા ગેસ સિલિન્ડર માટે આ રીતે પરેશાન થવું પડે તે યોગ્ય નથી.ધારાસભ્ય મહેશ કસવાલાએ કલેકટર અને I O C ના અધિકારીઓ સમક્ષ રજૂઆત કરી છે કે સાવરકુંડલાને પૂરતો અને નિયમિત ગેસ પુરવઠો કેમ મળી રહ્યો નથી તે અંગે તપાસ કરી, તાત્કાલિક યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે અને નાગરિકોને ગેસ સિલિન્ડર માટે મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવામાં આવે.ધારાસભ્ય મહેશ કસવાલાએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે નાગરિકોની રોજિંદી જરૂરિયાતો સાથે જોડાયેલી આ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ આવે અને સાવરકુંડલામાં ગેસ સિલિન્ડરનો પૂરતો તથા નિયમિત પુરવઠો સુનિશ્ચિત થાય તે માટે સંબંધિત તંત્રએ ગંભીરતાથી કાર્યવાહી કરવી જોઈએ.સાથે જ ગેસ એજન્સીના ટ્રાન્સફર સંબંધિત પ્રક્રિયા પણ સરળ, સુવ્યવસ્થિત અને અવિરત રીતે થાય તે જરૂરી છે.

એજન્સી ટ્રાન્સફરની પ્રક્રિયા દરમિયાન ગેસ વિતરણ વ્યવસ્થામાં કોઈ વિક્ષેપ ઊભો ન થાય અને લોકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે અંગે પણ ખાસ તકેદારી રાખવા માંગ કરવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 26/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જીગરજાન મિત્રને અશ્રુભરી

શ્રદ્ધાંજલી



સ્વ. મેહુલભાઇ દિલુભાઇ વાળા

(ઉં.વ.૩૫) સ્વ.તા. ૨૦/૧૧/૨૦૨૬

આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણોમાં તમારી
અણધારી વસમી વિદાય જીવનમાં શુન્યાવકાશ સર્જી ગઇ.
પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે.
હજુ પણ તમે છો અને સદૈવ અમારા
અંતરપટ પર રહેશો એ જ અમારી અશ્રુભીની આંખે પ્રાર્થના..

આલુભાઇ રામભાઇ મોરી
ભાવેશભાઇ બાલાભાઇ ચૌહાણ
ભરતભાઇ રૂખડભાઇ ડેર

અભિષેકભાઇ જેન્તીભાઇ બામટા
દિપકભાઇ રામભાઇ ભુભીલીયા

કે.ડી NEWS

તારીખ : 26/11/2026

વેકેશન બાદ સાવરકુંડલા શહેર અને તાલુકાની શાળાઓમાં ફરી ગુંજી ઊઠ્યો બાળકોનો કલરવ




સાવરકુંડલા શહેર અને તાલુકામાં દિવાળી વેકેશન પૂર્ણ થતાં આજે શાળાઓ ફરી એકવાર બાળકોના હાસ્ય, કિલકારીઓ અને ચહેકાટથી ગુંજી ઊઠી હતી. લાંબા વેકેશન બાદ શાળાઓ શરૂ થતાં વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.વેકેશન દરમિયાન મોજમસ્તી અને આનંદમાં સમય વિતાવ્યા બાદ આજે બાળકો પોતાના દફ્તર, પુસ્તકો અને નવી ઊર્જા સાથે શાળાએ પહોંચ્યા હતા. શાળાઓમાં વિદ્યાર્થીઓનું હર્ષભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. મિત્રો સાથે પુનઃમિલન થતાં બાળકોના ચહેરા પર ખુશી છલકાઈ ઊઠી હતી. વર્ગખંડોમાં ફરી અભ્યાસની પ્રવૃત્તિઓ શરૂ થતાં શાળાઓનું વાતાવરણ શૈક્ષણિક ઉત્સાહથી જીવંત બન્યું હતું.શિક્ષકોએ પણ વિદ્યાર્થીઓને આવકારતાં નવા ઉત્સાહ અને ઉમંગ સાથે અભ્યાસમાં જોડાવા પ્રેરિત કર્યા હતા. વેકેશન બાદ શાળાઓમાં ફરી શરૂ થયેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓથી સમગ્ર શૈક્ષણિક આલમમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો.આમ, સાવરકુંડલા શહેર અને તાલુકાની શાળાઓમાં આજે વેકેશન બાદ બાળકોની કિલકારીઓ સાથે શિક્ષણકાર્યનો પુનઃપ્રારંભ થયો હતો અને શાળાઓ ફરી એકવાર જ્ઞાન, સંસ્કાર અને આનંદના માહોલથી મહેકી ઊઠી હતી.

તારીખ : 26/11/2026









કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

સાવરકુંડલામાં શુક્રવાર અને શનિવારે મળશે...

+ ડો. નિરજ રાજપુરા

BAMS.MD PK (આયુર્વેદ નિષ્ણાંત)

સરનામુ : સાર્વજનિક દવાખાનુ (કુંડલા વિભાગ)
શેઠશેરી, ગાંધીચોક,સાવરકુંડલા.
મો. 96873 83009

શુક્રવાર, શનિવાર, સમય : સવારે ૯:૩૦ થી ૧:૩૦
સાંજે ૪:૩૦ થી ૭:૩૦

* જુના હઠીલા રોગોની સારવાર
* શ્વાસ, દમ, અસ્થમા ફેફસાના રોગો
* પથરી, ગેસ, એસીડીટી, પેટના રોગો
* કોઈપણ વા, સાંધાના દુઃખાવા
* ધાધર, ખરજવું, ચામડી, વાળના રોગો
* સ્ત્રી રોગો નિઃસંતાનપણાની સારવાર

કાયમી સરનામુ : ઓજ આયુર્વેદ, C/૦.
ઓરિયન્ટ હોસ્પિટલ, નાના મવા સર્કલ, રાજકોટ.

તારીખ : 26/11/2026

સાવરકુંડલા તાલુકાના સીમરણ, કરજાળા અને વિજયાનગર ગામને ૩. ૬.૭૬ કરોડના વિકાસકાર્યોની ભેટ!





ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે વિવિધ સી.સી. રોડ, માઈનોર બ્રિજ, નાળા અને આંગણવાડીના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામા આવ્યુ

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસની ગતિને વધુ વેગ આપવા તેમજ ગામડાઓમાં પાયાની માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી સીમરણ, કરજાળા અને વિજયાનગર ગામે કુલ રૂ. ૬.૭૬ કરોડના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે કરવામાં આવ્યું હતું.ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા, વાહનવ્યવહાર અને અન્ય આવશ્યક સુવિધાઓનું માળખું મજબૂત બને તે માટે સરકાર દ્વારા વિવિધ વિકાસ યોજનાઓ અંતર્ગત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે સાવરકુંડલા તાલુકાનાં ત્રણ ગામોમાં અંદાજે રૂ. ૬.૭૬ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવતા સ્થાનિક ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી.સુવિધા પથ યોજના અંતર્ગત સીમરણ ગામે સીમરણ એપ્રોચ રોડના નિર્માણ માટે રૂ. ૧ કરોડના ખર્ચે થનારા સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ માર્ગનું નિર્માણ થતાં ગામમાં અવરજવરની સુવિધા વધુ સરળ અને સુગમ બનશે. ખાસ કરીને ગ્રામજનો, ખેડૂતો તેમજ વાહનચાલકોને રોજિંદી અવરજવરમાં સુવિધા મળશે.કરજાળા ગામે પણ સુવિધા પથ યોજના અંતર્ગત કરજાળા એપ્રોચ રોડના નિર્માણ માટે રૂ. ૬૦ લાખના ખર્ચે થનારા સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ માર્ગના નિર્માણથી ગામને જોડતા માર્ગની સુવિધામાં વધારો થશે તેમજ ગ્રામજનોને આવન-જાવનમાં પડતી મુશ્કેલીઓમાં રાહત મળશે.વિજયાનગર ગામે કુલ રૂ. ૫.૧૬ કરોડના ખર્ચે થનારા વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં ગામના માર્ગો અને અન્ય પાયાની સુવિધાઓને ધ્યાનમાં રાખીને નીચે મુજબનાં કામોનો સમાવેશ થાય છે વિજયાનગર-સાવરકુંડલા રોડ:* રૂ. ૩ કરોડના ખર્ચે રીસરફેસિંગ, સી.સી. રોડ તથા નાળાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ માર્ગના નવીનીકરણથી વાહનવ્યવહાર વધુ સુગમ બનશે અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોને પણ તેનો લાભ મળશે.*સાંગાબાપા ગૌશાળા પાસે માઈનોર બ્રિજ અને સી.સી. રોડ:* રૂ. ૨ કરોડના ખર્ચે માઈનોર બ્રિજ તથા સી.સી. રોડના નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામગીરીથી સ્થાનિક વિસ્તારમાં માર્ગ જોડાણ અને અવરજવરની સુવિધામાં સુધારો થશે.*આંગણવાડીનું નિર્માણ:* રૂ. ૧૬ લાખના ખર્ચે વિજયાનગર ગામમાં આંગણવાડીના નિર્માણકાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ સુવિધા ગામના ભૂલકાંઓના પ્રારંભિક શિક્ષણ, પોષણ અને સર્વાંગી વિકાસ માટે ઉપયોગી બનશે.આમ, સીમરણ ગામે રૂ. ૧ કરોડ, કરજાળા ગામે રૂ. ૬૦ લાખ અને વિજયાનગર ગામે રૂ. ૫.૧૬ કરોડ મળી કુલ રૂ. ૬.૭૬ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્યો પૂર્ણ થયા બાદ ત્રણેય ગામોમાં માર્ગ વ્યવસ્થા, વાહનવ્યવહાર, સ્થાનિક જોડાણ અને પાયાની સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થશે.ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા દ્વારા સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસલક્ષી કામોને પ્રાધાન્ય આપી વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના પ્રયાસો અંતર્ગત આ વિકાસકાર્યોનો પ્રારંભ કરવામાં આવ્યો છે.ગ્રામ્ય વિસ્તારોનો સર્વાંગી વિકાસ, નાગરિકોને પાયાની સુવિધાઓની ઉપલબ્ધિ અને ગામડાઓને વિકાસની મુખ્યધારા સાથે જોડવાના ઉદ્દેશ્ય સાથે હાથ ધરાયેલા આ વિકાસકાર્યો સાવરકુંડલા તાલુકાના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.આ ખાતમુહૂર્ત કાર્યક્રમમા શ્રી દક્ષાબેન ચોડવડીયા, પ્રમુખ જીલ્લા પંચાયત અમરેલી, શ્રી રજનીભાઈ ડોબરીયા પ્રમુખ તાલુકા ભાજપ સાવરકુંડલા,શ્રી મુકેશભાઈ આદ્રોજા, સદસ્ય પ્રતિનિધિ અમરેલી જીલ્લા પંચાયત,શ્રી જીવનભાઈ વેકરિયા પૂર્વ પ્રમુખ તાલુકા ભાજપ તેમજ સરપંચશ્રીઓ, સંગઠન હોદ્દેદારશ્રીઓ, ગામના આગેવાનો ઉપસ્થિત રહા

ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓને મળશે નવી ગતિ, માર્ગ વ્યવસ્થા અને પ્રાથમિક સુવિધાઓ વધુ સુદૃઢ બનશે

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 26/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ઓફિસ વર્ક કરી શકે અને લેપટોપ ચલાવી શકે તેવા 2 લેડીઝ સ્ટાફ ની જરૂર છે..

: સંપર્ક :

મો. 90 81 51 9494

તારીખ : 26/11/2026

જાળીયાના વૃદ્ધ દંપતીના અવસાન બાદ બંનેના દેહ અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજને અર્પણ કરાયા



અમરેલી જિલ્લાના જાળીયા ગામના વતની અને તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન સંદીપભાઈ સોલંકીના પરિવારે દેહદાન કરીને સમાજમાં માનવતા, સેવાભાવ અને સામાજિક ઉત્તરદાયિત્વનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ગત તા. ૮ જાન્યુઆરીના રોજ રાણીબેન ચકાભાઈ સોલંકીનું ૭૬ વર્ષની વયે કુદરતી અવસાન થયું હતું. તે સમયે પરિવારજનોએ દુઃખની ઘડીમાં પણ સમાજહિતને પ્રાધાન્ય આપીને તબીબી વિદ્યાર્થીઓના અભ્યાસ અને સંશોધનના હેતુસર અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજને તેમનો દેહદાન કર્યો હતો.ત્યારબાદ તા. ૨૪ નવેમ્બરના રોજ તેમના પતિ ચકાભાઈ માણસુરભાઈ સોલંકીનું પણ ૮૨ વર્ષની વયે કુદરતી અવસાન થતાં પરિવારે ફરી એકવાર માનવતાભર્યો નિર્ણય લઈ તેમનો દેહ પણ અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજને અર્પણ કર્યો હતો.આમ, માત્ર ૧૧ માસના ટૂંકા ગાળામાં વૃદ્ધ દંપતીના અવસાન બાદ બંનેનું દેહદાન કરીને સોલંકી પરિવારે સમાજને એક અનોખો સંદેશ આપ્યો છે. દેહદાન એ મૃત્યુ બાદ પણ માનવજાતની સેવા કરવાનો ઉત્તમ માર્ગ છે.

સોલંકી પરિવારની આ પહેલ તબીબી શિક્ષણ ક્ષેત્રે ઉપયોગી બનવાની સાથે અન્ય પરિવારોને પણ દેહદાન અંગે જાગૃત થવા પ્રેરણા આપશે.રાજ્યના કાયદા અને ઊર્જા મંત્રી અને અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયાએ સોલંકી પરિવારની આ માનવતાભરી અને સમાજોપયોગી પહેલને બિરદાવી હતી તેમજ પરિવારજનોને અભિનંદન પાઠવ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 26/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ

બ્રાન્ડ તો બનાવવી જ પડે..



ડીઝીટલ પ્લેટફોર્મ પર
હરણફાળ ભરનાર

પ્રકાશ પ્રિન્ટર્સ

હંમેશા એક કદમ આગળ...

તમારો પોતાનો ધંધો ઓનલાઈન લોન્ચ કરો
અને બનાવો તમારા પોતાના

ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ
તમારા બિઝનેસને આપો

એક નવી ડિજિટલ ઓળખ !

પ્રતિ વર્ષ માત્ર **299** + GST

- તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
- તમારી પ્રોફાઈલની પોતાની Shareable Link
- Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
- તમારા બિઝનેસ માટે Video Gallery
- Customer Reviews દર્શાવવાની સુવિધા
- WhatsApp Direct Contact ની સુવિધા
- Google Map Location ઉમેરવાની સુવિધા
- તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
- તમારી Digital Profile માટે QR Code
- Digital Visiting Card બનાવવાની સુવિધા
- Mobile, Laptop અને Tablet દરેક ડિવાઈસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

: વધુ માહિતી માટે સંપર્ક :

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. 94095 45745

પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ

ડીઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ

નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ,
ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....

તારીખ : 26/11/2026

૨૬ નવેમ્બર – પુણ્યતિથિ વિશેષ

પરમવીર ચક્રની ડિઝાઈન તૈયાર કરનાર સાવિત્રી ખાનોલકરની આજે પુણ્યતિથિ



ભારતના સર્વોચ્ચ લશ્કરી શૌર્ય સન્માન 'પરમવીર ચક્ર'ની સુંદર અને પ્રેરણાદાયી ડિઝાઈન તૈયાર કરનાર સાવિત્રી ખાનોલકરની આજે ૨૬ નવેમ્બરના રોજ પુણ્યતિથિ છે.મૂળ સ્વિટ્ઝર્લેન્ડનાં ન્યુશાટેલ ખાતે ૨૦ જુલાઈ, ૧૯૧૩ના રોજ જન્મેલાં સાવિત્રી ખાનોલકરનું મૂળ નામ ઈવા યવોન મેડે-ડી-મેરોસ હતું.

ભારતીય સૈન્ય અધિકારી વિક્રમ રામજી ખાનોલકર સાથે લગ્ન કર્યા બાદ તેઓ ભારત આવ્યાં અને ભારતીય સંસ્કૃતિને પોતાના જીવનમાં આત્મસાત કરી.ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત ભાષા, પુરાણો અને કળા પ્રત્યેના ઊંડા લગાવના પરિણામે તેમણે દેશના શૌર્ય અને બલિદાનની ભાવનાને અનોખી કલાત્મક અભિવ્યક્તિ આપી. મેજર જનરલ હીરાલાલ અટલના માર્ગદર્શન હેઠળ તેમણે પરમવીર ચક્રની ડિઝાઈન તૈયાર કરી હતી. આ ડિઝાઈનમાં ઋષિ દધીચિના મહાન બલિદાન અને ઈન્દ્રના વજ્રનું પ્રતીકાત્મક મહત્ત્વ સમાયેલું છે.આ ઉપરાંત તેમણે મહાવીર ચક્ર, વીર ચક્ર અને અશોક ચક્ર સહિતના અન્ય રાષ્ટ્રીય સન્માનોની ડિઝાઈન તૈયાર કરવામાં પણ યોગદાન આપ્યું હતું.તેમની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાએ ભારતીય સૈન્યના શૌર્ય, સાહસ, બલિદાન અને રાષ્ટ્રભક્તિને એક અમર પ્રતીક આપ્યું છે. આજે પણ પરમવીર ચક્ર દેશના વીર જવાનોની અદમ્ય હિંમત અને સર્વોચ્ચ બલિદાનનું ગૌરવપૂર્ણ પ્રતીક છે.૨૬ નવેમ્બર, ૧૯૯૦ના રોજ નવી દિલ્હી ખાતે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.ભારતના શૌર્યને અમર પ્રતીક આપનાર મહાન સર્જનશીલ પ્રતિભા સાવિત્રી ખાનોલકરને તેમની પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 26/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

JTC HOLIDAYS
Beyond The Imagine

પ્રવાસની પરફેક્ટ શરૂઆત અમારી સાથે

DREAM | PLAN | TRAVEL

- હનીમૂન ટુર
- ગ્રુપ ટુર
- કોર્પોરેટ ટુર
- ડોમેસ્ટિક ટુર
- ઈન્ટરનેશનલ ટુર
- એક્ઝિબિશન ટુર
- સ્ટુડન્ટ ટુર
- એડવેન્ચર ટુર
- સફારી ટુર
- ડેઝર્ટ ટુર
- ધાર્મિક ટુર



★ બેસ્ટ પ્રાઈઝ તેમજ બેસ્ટ સર્વિસ અમે આપીશું ★

પ્લાન છે ફરવાનો ?
એકવાર અમારો સંપર્ક કરો

યાદગાર ટુરની
ગેરંટી

મો 94264 58189

Luxury awaits, Memories stay

EXPLORE THE WORLD WITH JOY
KHUSHI TOURISM

ડે.ડી NEWS

તારીખ : 26/11/2026

મંડળ રેલવે મેનેજર શ્રી દિનેશ વર્માએ ભાવનગર–ધોલા–મહુવા રેલખંડનું કર્યું વિસ્તૃત સંરક્ષા નિરીક્ષણ





પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં રેલવે સંચાલનની સુરક્ષા, મુસાફર સુવિધાઓ અને રેલવે સેવાઓની ગુણવત્તાને વધુ બહેતર બનાવવાના ઉદ્દેશ્યથી મંડળ રેલવે મેનેજર, ભાવનગર શ્રી દિનેશ વર્માએ 25 નવેમ્બર, 2026ના રોજ સંબંધિત અધિકારીઓ સાથે ભાવનગર–ધોલા–મહુવા રેલખંડનું વિસ્તૃત સંરક્ષા નિરીક્ષણ કર્યું હતું.નિરીક્ષણ દરમિયાન મંડળ રેલવે મેનેજરે રેલખંડના વિવિધ સ્ટેશનો પર રેલવે દ્વારા હાથ ધરવામાં આવી રહેલાં વિકાસ અને સુધારણાનાં કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી હતી. તેમણે સંબંધિત અધિકારીઓ પાસેથી કાર્યોની વર્તમાન સ્થિતિ અને નિર્ધારિત લક્ષ્યાંકો અંગે માહિતી મેળવી હતી તેમજ વિવિધ કાર્યોની સમીક્ષા કરી હતી.વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, ભાવનગર શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે નિરીક્ષણ દરમિયાન વિવિધ સ્ટેશનો પર ઉપલબ્ધ મુસાફર સુવિધાઓ, સ્ટેશન પરિસરની સ્વચ્છતા, માળખાકીય સુવિધાઓ, રેલવે સંચાલન સંબંધિત વ્યવસ્થાઓ તથા મુસાફરોને પૂરી પાડવામાં આવતી સુવિધાઓનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.મંડળ રેલવે મેનેજર શ્રી વર્માએ સંબંધિત અધિકારીઓને વિકાસનાં કાર્યો નિર્ધારિત સમયમર્યાદામાં ગુણવત્તા સાથે પૂર્ણ કરવા, મુસાફર સુવિધાઓમાં સતત સુધારો કરવા તથા રેલવે સંચાલન અને સુરક્ષા સંબંધિત તમામ વ્યવસ્થાઓને વધુ મજબૂત બનાવવાના નિર્દેશો આપ્યા હતા.

આ નિરીક્ષણ ભાવનગર મંડળમાં રેલવે સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને માળખાકીય સુવિધાઓના વિકાસ, મુસાફર સુવિધાઓના વિસ્તરણ તથા સુરક્ષિત, સુગમ અને ગુણવત્તાયુક્ત રેલવે સેવાઓ સુનિશ્ચિત કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ રહ્યું હતું.આ પ્રસંગે મંડળના વિવિધ વિભાગોના શાખા અધિકારીઓ તથા સંબંધિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તુલ કુમાર ત્રિપાઠી વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધકપશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

તારીખ : 26/11/2026

અમરેલીના નાના ભંડારીયા અને ફતેપુર મુકામે વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરતા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા

નાના ભંડારીયા મુકામે રૂ. ૩૫.૭૦ લાખના ખર્ચે સુવિધાસભર આરોગ્ય મંદિર આકાર પામશે, ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ સંપન્ન

ફતેપુર મુકામે ભૂલકાંઓ માટે રૂ. ૨૫ લાખના ખર્ચે નવનિર્મિત સુવિધાસભર આંગણવાડીનું લોકાર્પણ કરતા રાજ્યમંત્રી શ્રી વેકરીયા









અમરેલી તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૬ - રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ વધુ સુદ્રઢ બનાવવાના સંકલ્પ સાથે અમરેલી તાલુકાના નાના ભંડારીયા અને ફતેપુર ગામે વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. નાના ભંડારીયા મુકામે ગ્રામજનોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરવાના હેતુથી અંદાજે રૂ. ૩૫.૭૦ લાખના ખર્ચે નવનિર્માણ પામનાર સુવિધાસભર આરોગ્ય મંદિરનું રાજ્યમંત્રીશ્રીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, નવનિર્મિત આરોગ્ય સબ સેન્ટરમાં નિયમિત આરોગ્ય તપાસણી, લેબોરેટરીની સુવિધા, સગર્ભા માટેની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે અને છેવાડાના માનવી સુધી આરોગ્ય સુવિધાઓની પહોંચ સુનિશ્ચિત કરવામાં આવશે. આ ઉપરાંત, ગામના વહીવટી કાર્યો વધુ વેગવંતા અને સુગમ બને તે માટે નવનિર્મિત ગ્રામ પંચાયત ભવનનું પણ લોકાર્પણ કરી ગ્રામજનોની સેવામાં સમર્પિત કરવામાં આવ્યું હતું. આ ગ્રામ પંચાયત ભવન અંદાજિત રૂ. ૨૫ લાખના ખર્ચે આકાર પામ્યું છે. ઉપરાંત ફતેપુર મુકામે નાના ભૂલકાંઓના સર્વાંગી વિકાસ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે રૂ. ૨૫ લાખના ખર્ચે તૈયાર થયેલ અદ્યતન અને સુવિધાસભર આંગણવાડી કેન્દ્રનું રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ લોકાર્પણ કર્યું હતું. આ નવીન આંગણવાડીથી ગામના બાળકોને પોષણ અને શિક્ષણ માટેનું ઉત્તમ વાતાવરણ મળી રહેશે.આ પ્રસંગે સ્થાનિક પદાધિકારીશ્રીઓ, સરપંચશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો, વહીવટી તંત્રના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ ગામમાં થયેલા આ મહત્વપૂર્ણ વિકાસકાર્યો બદલ રાજ્ય સરકાર અને રાજ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

છેવાડાના માનવી સુધી આરોગ્ય, શિક્ષણ અને વહીવટી સુવિધાઓ સરળતાથી પહોંચે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ

પ્રકાશ પ્રિન્ટર્સ

તમારા બિઝનેસ
લોગો અને ડિટેલ સાથે
પોસ્ટર મેળવો

માત્ર
₹.249
1વર્ષ

7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઈસની)

વોટ્સેપ + ફેઈસબુક + ઈન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે


ફેસ્ટીવલ ઈમેજ


ગુડ મોર્નિંગ પોસ્ટ


ગુડ નાઈટ પોસ્ટ


બર્થ ડે પોસ્ટ


પોલીટીકલ પોસ્ટ


સુવિચાર પોસ્ટ


મોટીવેશનલ પોસ્ટ


સ્પેશ્યલ કેટેગરી



સુપ્રસિધ્ધ સ્થાનીક સંતો
મહંતોના જન્મ જયંતી
તેમજ જન્મદિવસની
પોસ્ટ સમાવેશ

તો આજેજ ડાઉલોડ કરો

આપનાં એન્ડ્રોઈડ મોબાઈલનાં
પ્લેસ્ટોરામાં જઈને

GET IT ON Google Play

PRAKASH
PRINTERS

વધારે માહિતી માટે સંપર્ક – મો. **9409545745**

કે.કે NEWS

તારીખ : 26/11/2026



પાલઘર ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની રસ્સાખેંચ સ્પર્ધામાં સાવરકુંડલાના ત્રણ ખેલાડીઓએ સિલ્વર મેડલ મેળવી ગુજરાતનું નામ રોશન કર્યું

મહારાષ્ટ્રના પાલઘર ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની રસ્સાખેંચ સ્પર્ધામાં કેચ વેઈટ કેટેગરીમાં સાવરકુંડલાના ત્રણ પ્રતિભાશાળી ખેલાડીઓ સાહિલ પઠાણ, અફઝલ જીરુકા અને મંજૂર ચૌહાણે શાનદાર પ્રદર્શન કરી ઓલ ઈન્ડિયા કક્ષાએ સિલ્વર મેડલ પ્રાપ્ત કરી મોટી સિદ્ધિ હાંસલ કરી છે.

આ ત્રણેય ખેલાડીઓએ પોતાની રમતગમતની પ્રતિભા, મહેનત અને ટીમવર્કના જોરે સાવરકુંડલા શહેરનું જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે.

આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ ત્રણેય ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

સાથે જ ખેલાડીઓને સતત માર્ગદર્શન, પ્રોત્સાહન અને સહયોગ આપનાર યુનુસભાઈ ખોખર, રિયાઝ ખોખર, જાબીર બાવનકા અને અહમદ ભટ્ટી સહિત તમામ ટીમ મેમ્બર્સની કામગીરી પણ સરાહનીય રહી છે.

આ ઉપરાંત ટીમ ગુજરાત (સાવરકુંડલા)ના તમામ ખેલાડીઓને પણ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

સ્પર્ધા દરમિયાન ગ્રાઉન્ડ ખાતે જરૂરી સુવિધાઓ અને સહયોગ પૂરો પાડનાર મુકુંદાદાદા નાગ્રેચાનો પણ વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.આ સિદ્ધિ સાવરકુંડલાના યુવા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે.

આગામી સમયમાં પણ આ ખેલાડીઓ આવી જ રીતે રમતગમત ક્ષેત્રે પ્રગતિ કરી વધુને વધુ સિદ્ધિઓ પ્રાપ્ત કરે અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કરે તેવી હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 26/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક







અઢળક કેકની વેરાયટીઓ

New Collection

મેરેજ બોક્સ, ડ્રાયફ્રૂટ બોક્સ અને
રમકડાંની અવનવી વેરાયટી



અર્જન્ટ કેક
બનાવી આપવામાં આવશે.

બર્થ ડેકોરેશન,
બેબી શાવર ડેકોરેશન ની
તમામ આઈટમ મળશે..



તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં.

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

— સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશન સાયેનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ —

નારોલા
લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

કે.કે NEWS

તારીખ : 26/11/2026

અમરેલીમાં ગુરુનાનક સાહેબની 557મી જન્મજયંતિની શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવણી



અમરેલી ખાતે શીખ ધર્મના સ્થાપક અને પ્રથમ ધર્મગુરુ ગુરુનાનક સાહેબની 557મી જન્મજયંતિ નિમિત્તે લાડી લોહાણા સિંધી પંચાયત દ્વારા ભક્તિભાવપૂર્ણ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ધમાન હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ધર્મ, ભક્તિ અને આધ્યાત્મિકતાનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ગુરુનાનક સાહેબના જીવનદર્શન, માનવતા, સમાનતા, સેવા અને ભાઈચારાના સંદેશને સ્મરણ કરી સુખમણી સાહેબના પાઠ, ભજન-કીર્તન, અરદાસ તથા મહાઆરતી સહિતના ધાર્મિક આયોજનો કરવામાં આવ્યાં હતાં. સમગ્ર હોલ ગુરુવાણીના ગુંજારવથી ભક્તિમય બની ગયો હતો. આ પ્રસંગે લાડી લોહાણા સિંધી સમાજના પરિવારો સહિત મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહી ધાર્મિક કાર્યક્રમનો લાભ લીધો હતો.આ ઉપરાંત, છેલ્લા એક મહિનાથી નિયમિત જપજી સાહેબના પાઠનું પારાયણ કરનાર બહેનો તેમજ સિંધી કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર બહેનોને પ્રોત્સાહિત કરવા ઈનામ અને પ્રમાણપત્રો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

આમ, ગુરુનાનક સાહેબની જન્મજયંતિની ઉજવણી માત્ર ધાર્મિક આસ્થા પૂરતી સીમિત ન રહેતાં સમાજમાં સેવા, સમર્પણ, એકતા અને સંસ્કારોની ભાવનાને વધુ પ્રબળ બનાવતો પ્રેરણાદાયી પ્રસંગ બની રહી હતી.

કે.ડી NEWS

તારીખ : 26/11/2026

મહુવા તાલુકાની આંગણકા પ્રાથમિક શાળામાં પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ અનુદાનિત ગ્રામ નિર્માણ સમાજ મહુવા દ્વારા એક દિવાળી વેકેશન શિબિર આયોજન થયું



આ શિબિરમાં બાળકોને વિવિધ રમતો રમાડવામાં આવી હતી. બાળકોને આર ્ટ એન્ડ ક્રાફ્ટ તેમજ વિવિધ કાગળ કામની પ્રવૃત્તિઓ શીખવવામાં આવી હતી. બાળકોને વિવિધ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિષય શિક્ષણ મજબૂત બને તે માટે વિવિધ પ્રવૃત્તિઓ શીખવવામાં આવી હતી. આ મોજીલા શિક્ષણની પ્રવૃત્તિઓ ધીરજભાઈ, ઘરમશીભાઈ, ક્ષમાબેન દ્વારા શીખવવામાં આવી હતી. આંગણકા પ્રાથમિક શાળાના બાળકોને વેકેશન દરમિયાન આ પ્રવૃત્તિઓ કરવાથી તેમને મોજીલા શિક્ષણનું અનુભવ થયો હતો. શાળાના આચાર્ય પ્રવીણભાઈ અને સંસ્થા દ્વારા સતત નવ વર્ષથી દર વેકેશનમાં આવી પ્રવૃત્તિઓ કરવાથી બાળકો શિક્ષણ સાથે જોડાયેલા રહ્યા છે.

કે.કે NEWS

તારીખ : 26/11/2026

દહીડા ગામે એપ્રોચ રોડના રિસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત કરાયું





અમરેલી જિલ્લાના ધારી તાલુકાના દહીડા ગામથી ધારી–ચલાલા સ્ટેટ રોડને જોડતા એપ્રોચ રોડના રિસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ વિકાસકાર્યને ધારી–બગસરા–ખાંભાના ધારાસભ્યશ્રી જે.વી. કાકડીયા દ્વારા મંજૂરી અપાવવામાં આવી હતી. આ કામનું ખાતમુહૂર્ત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રી મહાવીરબાપુના હસ્તે કરવામાં આવ્યું હતું.રોડના રિસર્ફેસિંગનું કામ પૂર્ણ થતાં દહીડા ગામના ગ્રામજનો તેમજ આ માર્ગ પરથી અવરજવર કરતા વાહનચાલકોને સારી અને સુવિધાજનક માર્ગ વ્યવસ્થા ઉપલબ્ધ થશે. આ વિકાસકાર્યથી ગ્રામ્ય વિસ્તારની પરિવહન સુવિધામાં સુધારો થશે અને સ્થાનિક લોકોને તેનો લાભ મળશે.આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્યશ્રી ઘનશ્યામભાઈ હીરપરા, ચલાલા નગરપાલિકા પ્રમુખશ્રી જયરાજભાઈ વાળા, ચલાલા નગરપાલિકા સદસ્યશ્રી અનિરુદ્ધભાઈ વાળા, દહીડા ગામના સરપંચશ્રી અશોકભાઈ વાળા સહિત ગામના આગેવાનો, વડીલો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.





K.D NEWS

ના પ્લેટફોર્મ પર


જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...


અને આપે છે

વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો




















આજે જ સંપર્ક કરો

વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

9724661561

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 25/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ગુરૂદેવ કહે છે...

“

સજ્જનો જીવતા હોય છે ત્યારે બહુ ઓછો અવકાશ રોકતા હોય છે પણ, આ જગતમાંથી તેઓની થતી વિદાય બહુ મોટો શૂન્યાવકાશ સર્જી જતી હોય છે.. ડૉક્ટર, વકીલ, વેપારી નહીં બનો તો ચાલશે પણ સજ્જન તો બની જ જજો.

”



આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 26/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva

3588
26/11/2026
Thursday

❀ आत्मा ❀

"गुरुदिक्षा" के बाद शिष्य के
कर्मों की सजा सदैव
गुरु को ही भोगना
पडती है,

-बापजी-स्वामी
26/11/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

તારીખ : 26/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ગલગલીયા

શિક્ષક: બેટા, વેકેશનમાં શું શીખ્યો?
વિદ્યાર્થી: સાહેબ, ઘણું બધું!
શિક્ષક: તો કંઈક સંભળાવ! વિદ્યાર્થી: સવારે મોડા ઊઠવાની કળામાં નિપુણતા મેળવી!
મમ્મી: ચાલ બેટા, હવે સ્કૂલ જવાનો સમય થયો!દીકરો: મમ્મી, હજી તો વેકેશન પૂરું થયું છે! મમ્મી: હા, એટલે જ તો જવાનું છે!
દીકરો: તો પછી વેકેશન ફરી ક્યારે આવશે?
શિક્ષક: હોમવર્ક પૂરું કર્યું?વિદ્યાર્થી: ના સાહેબ!શિક્ષક: કેમ?વિદ્યાર્થી: સાહેબ, વેકેશનમાં પુસ્તકોને પણ આરામ આપ્યો હતો, હવે ધીમે ધીમે કામે લગાડીશ!

તારીખ : 26/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યાપારી માટે



હોલસેલ ભાવે

નાની-મોટી

ચીઠ્ઠી બુક


વિદ્યાર્થીઓ માટે

૨૬ ચોપડા

તેમજ

લખવા માટેની

કોરી પસ્તી



SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 26/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



ફ્રેશ પસ્તી



સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 26/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

સાળંગપુરના આજના દર્શન



કે.ડી

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

કે.ડી ન્યૂઝ સાથે...



97K

61K

45K

100K

સંપર્ક : મો. 94997 97973